ગુજરાતના ૭૦ વીઆઈપીની સુરક્ષા વ્યવસ્થામાં ફેરફાર

ગાંધીનગરમાં ગિફ્ટસિટીની સુંદર રચના પણ મેન પાવર વિના સૂની... ૮મી ડિસેમ્બરે મોદીની દિશા અને કોંગ્રેસની દશા નક્કી થઈ જશે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં પોલીસ સુરક્ષા મેળવતા વીઆઈપીઓને વધુ સુરક્ષા આપવી કે નહીં તે મુદે ગૃહ વિભાગમાં થયેલી ચર્ચા પછી અધિકારીઓ એવા તારણ પર આવ્યા છે કે ૭૦ વીઆઈપી એવા છે કે જેમને હવે સુરક્ષાની જરૂર નથી, કારણ કે લાંબા સમયથી તેમને કોઈ ધમકી મળી નથી. અતિ મહત્વના આ લોકોની સલામતી માટે મૂકેલા પોલીસને પાછા ખેંચવામાં આવ્યા છે અથવા તો તેમની સલામતી ઘટાડવામાં આવી છે. સરકારે વીઆઈપીઓની ધમકીઓનું તાજેતરમાં એનાલિસીસ કર્યું છે.

રાજ્યમાં વસતા આ ૭૦ લોકો માટે ૨૫૦ જેટલા પોલીસ જવાનો રોકાયેલા છે જેમને ક્રમશઃ મુક્ત કરવામાં આવી રહ્યાં છે. સરકારે સાસ્પોન્ડેડ આઈપીએસ સંજીવ ભટ્ટની સુરક્ષા દૂર કરી છે. જીપીપીના ગોરધન ઝડફિયાને સુરક્ષા ઘટાડી છે. પૂર્વ મુખ્યમંત્રીઓની સલામતી વ્યવસ્થામાં ફેરફાર કર્યો છે. ગૃહ વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે સુરક્ષા વ્યવસ્થામાં થઈ રહેલા ફેરફારમાં નિરમાના કરસનભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય ભરત બારોટ, નિવૃત્ત પોલીસ અધિકારી શ્રીકુમાર અને ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીનો સમાવેશ થાય છે.

● આઇ-ક્રિયેટ સંસ્થા ગિફ્ટસિટીમાં આવશે...

ગુજરાતમાં ટેકનોલોજી અને ઉદ્યોગ સાહસિકતાનો સમન્વય કરવા વિશ્વકક્ષાની સંસ્થા આઈ-ક્રિયેટ (ઈન્ટરનેશનલ સેન્ટર ફોર આંત્રપ્રિન્યોરશિપ એન્ડ ટેકનોલોજી)સ્થાપવામાં આવી રહી છે. આ સંસ્થાના એડવાઈઝરી બોર્ડના વડા બનવા ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિ છે. આ સેન્ટર સાણંદ પાસે કેન્સવિલે ગોલ્ફ કોર્સની નજીક સ્થાપવામાં આવનાર છે. પરંતુ જમીન ફાળવણી અને બીજી પ્રક્રિયામાં સમય લાગે તેમ હોઈ આ સેન્ટર હાલ ગાંધીનગર સ્થિત ગિફ્ટસિટીમાં બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આઈ ક્રિયેટ એ મોદીનું સ્વપ્ન છે. ગિફ્ટસિટીના ટાવર નં. ૧ માં ૫૦૦૦ હજાર ચોરસફુટની જગ્યા ત્રીજા માળે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આમ પણ ટાવરમાં ખાલી જગ્યા ભરવા માટેનો આ એક ઉત્તમ પ્રયાસ છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત મિરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન-જીએમડીસીએ આઈ-ક્રિયેટનું મુખ્ય પ્રમોટર છે.

● ૧૦૦૦ કરોડના બે ટાવર, ઓફિસો વિના સૂમસામ...

ગાંધીનગરના આંગણે ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક-સિટીનું જાન્યુઆરી મહિનામાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ત્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ગિફ્ટસિટી વિશ્વને ઉત્તમ નાણાંકીય સેવાઓ માટે ગુજરાતની શાખાની આગવી અનુભૂતિ કરાવશે... મોદીની વાત સાચી છે. ગિફ્ટસિટીના બે ટાવર શાનદાર બન્યા છે. ગિફ્ટ વનમાં આઠ લાખ ચોરસમીટર સ્પેસ છે અને તે ૨૯ માળ ઉંચો છે. તેની બાજુમાં બીજો ટાવર બનાવવામાં આવ્યો છે. આ બન્ને ટાવરનો ખર્ચ ૧૦૦૦ કરોડ જેટલો થવાનો અંદાજ છે.

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

આ બન્ને ટાવર હાલ સૂના પડ્યા છે. સરકારની જર્ક સિવાય કોઈ નાર્ધપાત્રા ઓફિસો આ ટાવરમાં ખુલી નથી. આ બન્ને ટાવરની જગ્યાનો ઉપયોગ નહીં થાય તો ઉધઈ કોરી ખાશે. સરકારે આ બન્ને ટાવરને ધમધમતા કરવા માટે નાણાંકીય સંસ્થાઓને ઝડપથી આમંત્રણ આપવા પડશે અને જગ્યાનો પુરતો ઉપયોગ કરવો પડશે, નહીં તો ખાલી પડેલા સરકારી મકાનો અને ખાલી પડેલી સરકારી ઓફિસો જેવી હાલત આ બન્ને ટાવરની થઈ શકે છે. ઓફિસરો માને કે ન માને, ગિફ્ટસિટીમાં વૈશ્વિક મંદીની અસર થઈ છે. હાલ તો ઈમારત ખૂબસુરત લાગે છે, પણ મેનપાવરનો અભાવ છે...!!

●૪૨ લોકોના ટાઈમ પોલમાં મોદી ત્રીજા ક્રમે છે...

ટાઈમ મેગેઝિનના પર્સન ઓફ ધ યરનું ટાઈટલ કોને મળે છે તે જાણવા માટે ભારતભરમાં ઉત્તેજના છે કારણ કે ટાઈમ મેગેઝિને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું નામ લિસ્ટમાં સામેલ કર્યું છે. પર્સન પસંદ કરવા માટેનું વોટીંગ ઓનલાઈન છે. ૧૭મી નવેમ્બર સુધીના પોલમાં માઈલી સાયરસ કે જે અમેરિકન પોપ સિંગર છે તે ૨૯ ટકા વોટ સાથે પ્રથમ ક્રમે અને અડવર્ડ સ્નોડેન ૧૫.૪ ટકા વોટ સાથે બીજાક્રમે છે, જ્યારે ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી ૧૨.૬ ટકા વોટ સાથે ત્રીજા ક્રમે આવે છે.

આ વોટીંગ ૪થી ડિસેમ્બર સુધી રહેવાનું છે અને ૬ઠ્ઠી ડિસેમ્બરે વિજેતાની પસંદગી કરીને ટાઈમના સંપાદક પર્સન ઓફ ધ યરની જાહેરાત ૧૧મી ડિસેમ્બરે કરશે. એટલું ચોક્કસ છે કે મોદીએ સિરીયા અને

● અનુસંધાન પાન-૭ પર

સ્ટ્રેસને પોઝીટીવ અપનાવો ઈશ્વરનું વરદાન બની જશે : કથાકાર ભૂપેન્દ્રભાઈ પંડ્યા

વેલકમ ચેલેન્જ યુવા શિબિરમાં વિદ્યાર્થીઓને પડકારો જીલવાની સમજ અપાઈ : દુનિયાભરમાં પરીક્ષાનો 'હાઉ' ભારતમાં સૌથી વધુ !

ગાંધીનગર, તા. ૩૦

પરીક્ષાનો 'હાઉ' ભારતમાં છે તેટલો દુનિયાભરમાં ક્યાંય નથી... સફળ થવું હોય ત્યારે સ્ટ્રેસ માથે આવી

જ જાય છે. પરંતુ તણાવને પોઝીટીવ રીતે સ્વીકારવાથી પરિણામ સુધરે છે. સ્ટ્રેસને ઉપાડવાની સાથે મુકતા પણ આવડવું જોઈએ તે મહત્વની બાબત છે. ક્રીકેટરો પ્રત્યેક બોલને સમજીને ફટકારે છે તેમ વિદ્યાર્થી જીવનમાં આવતા પડકારને સમજવા જોઈએ. સ્ટ્રેસના લીધે વ્યક્તિની અંદરની ક્ષમતા વધે છે તે ઈશ્વરના વરદાન સમાન હોવાનું જાણીતા કથાકાર ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ જણાવ્યું હતું. લાયોનેસ કલબ આયોજિત 'વેલકમ ચેલેન્જ' યુવા માર્ગદર્શન શિબિરમાં તેમણે વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી અને જીવન ઘડતરમાં ઉપયોગી બાબતોને ઉદાહરણરૂપે સમજાવી હતી.

સે. ૨૩ સ્થિત કડી કેમ્પસની આર.સી. પટેલ હાઈસ્કૂલ તેમજ લાયોનેસ કલબ દ્વારા આયોજિત 'વેલકમ ચેલેન્જ' યુવા શિબિરમાં કથાકાર ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ આજે વિદ્યાર્થીજીવનમાં આવતી ચેલેન્જ અને વેલકમ કેવી રીતે કરવી તે અંગે સમજ આપી હતી. તેમણે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે જરૂર પડે ત્યારે તણાવનો પોટલો ઉપાડીએ તે બરાબર પણ તેનો બોજ નીચે કચડતો જાય છે. આવા સંજોગોમાં સ્ટ્રેસ ફ્રી થતા પણ આવડવું જોઈએ. સ્ટ્રેસ એ ઈશ્વરનું વરદાન છે. સ્ટ્રેસના લીધે પરિણામ પણ સુધરે છે, પરંતુ તણાવને પણ પોઝીટીવ રીતે અપનાવવો જોઈએ. તેમણે જણાવ્યું હતું કે દુનિયાભરમાં પરિક્ષાનો હાઉ ભારતમાં સૌથી વધુ છે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓએ ચેલેન્જીસને વેલકમ કરતા શીખી લેવું જોઈએ. ક્રિકેટરો જેમ બોલને સમજીને બેટીંગ કરે છે તેવી રીતે પડકારોનો જાણી-સમજીને સામનો કરવો જોઈએ. તેમણે સ્ટુડન્ટ અને પરીક્ષાલક્ષી ઉપયોગી બાબતો અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

પરીક્ષા દરમિયાન સ્ટુડન્ટસને નેગેટીવ વ્યક્તિથી દૂર રહી ૧૦ મિનિટ પૂર્વે પુસ્તકને બાજુએ મુકી હળવા થઈ જવા જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને તણાવમુક્ત રહેવા માટે હળવી કસરતોનું પણ નિદર્શન કર્યું હતું. આ યુવા માર્ગદર્શન શિબિરમાં ડીસ્ટ્રીક્ટ લાયોનેસ ચેરમેન રેખાબેન અસ્નાની, લાયોનેસ કલબના પ્રમુખ આરતીબેન ભટ્ટ, ભૂતપૂર્વ પ્રમુખ મમતાબેન રાવલ, લાયોનેસ પ્રિયાબેન માણેક, નિમેષભાઈ રાવલ તેમજ આર.સી. પટેલ, સ્કૂલના આચાર્ય જિતુભાઈ પટેલ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ખૂણે... ...ખાંચરેથી

- આજે વિશ્વ એઈડ્ઝ દિન ઉપરાંત સિનીયર સિટીઝન ડે પણ ઉજવાશે
- જાણીતા ભાગવત કથાકાર શ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યા આજે ગાંધીનગરના અતિથી બન્યા હતા. તેઓ જાણીતા એડવોકેટ શ્રી પી.પી. બિહોલાના ઘરે ગયા હતા અને બિહોલા પરિવાર સહિત ભકતજનોને આર્શીવાદ આપ્યા હતા.
- પાટનગર યોજના ભવનના સબ ડિવીઝન ૨૦માં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજો બજાવતા શ્રી વી.પી. ખખ્ખર આજે જન્મદિને જ વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા હતા.
- ૩જીડિસેમ્બરના રોજ રાજયભરના તબીબી અધિકારીઓ મહાત્મા મંદિરમાં સ્વસ્થ ગુજરાતની કાર્યયોજના તૈયાર કરશે.
- શનિવાર હોવાને કારણે અધિકારીઓ મિટીંગમાં વધુ વ્યસ્ત રહ્યા હતા.
- ૬ થી ૮ ડિસેમ્બર દરમિયાન ગાંધીનગર શહેર અને જિલ્લામાં લગ્નોની મોસમ પૂરબહારમાં ખીલશે.

આંધ્રના વાવાઝોડાએ શિયાળુ સિસ્ટમ ખોરવી

આગામી બે ત્રણ દિવસમાં પુનઃ ઠંડીનો ચમકારો જોવા મળશે

ગાંધીનગર, તા.૩૦

નવેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો તે પછી ગયા અઠવાડિયાથી ઠંડી સાવ ઘટી ગઈ છે. તાજેતરમાં આંધ્રપ્રદેશમાં ફુંકાયેલા વાવાઝોડાને કારણે શિયાળાની સિસ્ટમ ખોરવાઈ ગઈ હતી. હવે આગામી થોડાક દિવસોમાં પુનઃ ઠંડી પડશે.

સામાન્ય રીતે આ સમયગાળા દરમિયાન ઠંડીનો ચમકારો જોવા મળતો હોય છે. આ વર્ષે નિર્ધારિત દિવસો કરતાં વહેલો ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. એક તબક્કે તો પારો ૧૧ ડિગ્રી સુધી ગગડી જતા વસાહતીઓએ તીવ્ર ઠંડી અનુભવી હતી તે પછી અચાનક જ ઠંડી ગુમ થઈ ગઈ હતી. વિપિવત રીતે ૧૫ નવેમ્બરથી જ શિયાળાનો પ્રારંભ થઈ જતો હોય છે. પરંતુ આ વખતે આ દિવસોમાં ઠંડી અનુભવાઈ નથી. હાલમાં આંધ્રપ્રદેશ અને તેના તટીય વિસ્તારોમાં વાવાઝોડાની સિસ્ટમ બંધાઈ છે. આ વાવાઝોડાએ ગુજરાત અને તેના આસપાસના વિસ્તારોની શિયાળાની સિસ્ટમ ખોરવી નાંખી છે. હવામાન ખાતાના જણાવ્યા પ્રમાણે આવતા સપ્તાહે ઠંડીનો ચમકારો દેખાશે. ઓરિસ્સા અને આંધ્રપ્રદેશમાં આવેલા વાવાઝોડાના પગલે પવનની દિશા બદલાતા ઠંડીમાં ઘટાડો અને તાપમાનમાં પારો ઉંચો આવ્યાનું જણાવ્યું હતું.

આગામી દિવસોમાં ફરીથી શિયાળાની સિસ્ટમ યથાવત થઈને ઠંડીનો ચમકારો દેખાશે. હાલ સરેરાશ કરતા પાંચેક ડિગ્રી ઉંચું તાપમાન નોંધાઈ રહ્યું છે.

આ સમયગાળા દરમિયાન તાપમાન ૧૫ ડિગ્રી હોવું જોઈએ તેના બદલે છેલ્લા કેટલાક દિવસોથી લઘુત્તમ તાપમાન ૧૭-૧૮ ડિગ્રી થી વધુ નોંધાયું છે. ઉંચા તાપમાનના કારણે દિવસે ઉનાળા જેવો અનુભવ થઈ રહ્યો છે. હવે આંધ્રપ્રદેશમાં વાવાઝોડાનું જોર ઘટયું છે. જેના કારણે ફરીથી ઠંડી જોર પકડી રહી છે. તેની અસર ગઈ રાત્રિએ દેખાતા લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિગ્રી જેટલું નોંધાયું હતું. આવતા સપ્તાહે પારો વધુ ગગડી શકે છે. ધાબળા ઓઢવા પડે તેવી આકરી ઠંડી પડવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે.

ચંદ્રાલાની સગીરા પર બળાત્કાર ગુજારવાના કેસમાં આરોપીને ૭ વર્ષની કેદ

લગ્ન કરવાના ઈરાદે ભગાડી આરોપીએ સગીરાને ૨૬ દિવસ ગોંધી રાખી હતી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામની સગીરાનું અપહરણ કરી તેણી પર બળાત્કાર ગુજારવાના કેસમાં કોર્ટે આરોપીને ૭ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ચિલોડા નજીક ચંદ્રાલા ગામમાં રહેતી સગીરાનું આરોપી મુકેશ અંબુભાઈએ લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કર્યું હતું. તા. ૫ માર્ચ વર્ષ ૨૦૧૩ના રોજ સગીરાને ભગાડી લઈ જઈ ૨૬ દિવસ સુધી પોતાના કબજામાં ગોંધી રાખી હતી. આ દરમિયાન સગીરાની મરજી વિરુધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ બનાવ સંદર્ભે ચિલોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ગાંધીનગરની બીજા એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસ તેમજ સુનિલ એમ. પંડયાએ દલીલો કરી હતી. જે દલીલો તેમજ ભોગ બનનારની યુવતી અને અન્ય પુરાવાઓને ધ્યાને લઈ સેશન્સ જજ ડી.એમ. વ્યાસે આરોપીને તકસીરવાન ઠરાવી ૭ વર્ષની સખત કેદ અને ૫ હજારનો દંડ ન ભરે તો વધુ ૩ માસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

ખેલ મહાકૂંભ - ગાંધીનગર મહાનગર કક્ષાની ખો-ખો સ્પર્ધા શનિવારે સવારે ચૌધરી કન્યા વિદ્યાલયના પટાંગણમાં યોજાઈ હતી. નગરની વિવિધ સંસ્થાના વિદ્યાર્થીઓએ ખો-ખોની રસપ્રદ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ભાઈઓ અને બહેનોની સ્પર્ધા નિહાળવા રમતપ્રેમીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

વર્ષોના અંતે પણ હજુ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ અભ્યાસુ તબક્કામાં જ અટવાયેલો

જાગૃત નાગરિક પરિષદે પ્રોજેક્ટનું કામ ગતિમાં લાવવા મુખ્યમંત્રીને રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૩૦

સાડા છ વર્ષના લાંબા સમયગાળા બાદ પણ મેટ્રોટ્રેન પ્રોજેક્ટ હજુ અભ્યાસના તબક્કામાંથી બહાર નથી આવ્યો. ગાંધીનગર-અમદાવાદ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટને અનુલક્ષી બજેટમાં છેલ્લા ત્રણ વર્ષથી ફાળવવામાં આવતી ગ્રાન્ટ પણ પરત કરવી પડે છે. ત્યારે મેટ્રોટ્રેનના પ્રોજેક્ટનું સ્વપ્ન સાકાર કરવા શિથિલતા દૂર થાય તેવી માંગણી શહેરના જાગૃત નાગરિકોએ કરી છે.

શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીયાએ આ અંગે જણાવ્યા અનુસાર મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ સંદર્ભે સાડા છ વર્ષના અંતે પણ અભ્યાસો કરવાનું ચાલુ છે. મંદગતિએ પ્રક્રિયા ચાલતા મેટ્રો ટ્રેન પ્રોજેક્ટનું કામ ૨૦૧૫માં પણ પૂર્ણ થઈ શકશે નહીં. પ્રોજેક્ટ સંદર્ભે તરવરિયા યુવા ઈજનેરોને પણ કામે ન લગાડાતા વર્ષોના અંતે આ યોજના હજુ શરૂઆતના તબક્કામાં છે. બીજીતરફ દેશના પાટનગર દિલ્હીમાં આ પ્રોજેક્ટ રોજ લાખો પ્રવાસીઓ માટે આશીર્વાદરૂપ બન્યો છે જ્યારે મુંબઈ, ચેન્નાઈ, બેંગ્લોર અને જયપુરમાં મેટ્રો ટ્રેન ફક્ત પાંચ વર્ષમાં જ પરિપૂર્ણ થવાની તૈયારીમાં છે. છેલ્લા ત્રણ વર્ષથી બજેટમાં રૂ. ૫૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે જ્યારે સતત દર વર્ષે ગ્રાન્ટ પણ પરત કરી દેવાય છે. મેટ્રો ટ્રેન પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું કામ વિનાવિલંબે પૂર્ણ થાય તે મામલે સંબંધિત સત્તાવાળાઓને જરૂરી સૂચના આપવા પરિષદ દ્વારા મુખ્યમંત્રીને પણ રજૂઆત કરવામાં આવી છે.

દહેગામના બળાત્કાર પ્રકરણે આરોપીને સાત વર્ષની સખત કેદની સજા

દહેગામની કીશોરીને ગર્ભવતી બનાવી હતી

ગાંધીનગર, તા. ૩૦

દહેગામની કીશોરીને લલચાવી ફોસલાવી બળાત્કાર કરવાના ગુન્હામાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૭ વર્ષની સખત કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર દહેગામમાં રહેતી કીશોરીને નાંદોલ ગામમાં રહેતો આરોપી કિરણ ઉર્ફે કાળીયો પોપટ દંતાણી લલચાવી ફોસલાવીને લઈ ગયો હતો. આ દરમિયાન આરોપીએ તેણીને ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. બનાવ સંદર્ભે દહેગામ પોલીસમથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી આરોપી વિરૂદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. આ કેસ ગાંધીનગરની બીજા એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પી.ડી. વ્યાસે દલીલો કરી હતી. તેમણે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે દેશમાં બળાત્કારના ગુનાઓનું પ્રમાણ વધ્યું છે. ત્યારે આરોપીને સખતમાં સખત સજા થવી જોઈએ. સરકારી વકીલની દલીલો તેમજ ભોગ બનનાર સગીર અને તપાસ કરનાર અમલદારની જુબાની ધ્યાને લઈ સેસન્સ જજ ડી.એમ. વ્યાસે આરોપીને તકસીરવાન ઠરાવી ૭ વર્ષની સખત કેદ તેમજ રૂ. ૭ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે. વધુમાં દંડની રકમમાંથી ૫ હજાર ભોગ બનનારને ચુકવી આપવા હૂકમ કર્યો છે.

માખણનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરાયો

ગાંધીનગર, તા.૩૦

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમે દસક્રોઈ તાલુકામાં અસલાલી સ્થિત કોલ્ડ સ્ટોરેજમાંથી બેકરી શોર્ટનીંગ તેમજ માખણનો કુલ ૫ હજાર કીલો જથ્થો જપ્ત કર્યો છે. ખાદ્યચીજોની ગુણવત્તા અંગે શંકા જતા આ જથ્થો તપાસ અર્થે પ્રયોગ શાળામાં મોકલી દેવાયો છે.

ફુડ સેફટી, ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી. કોશીયાના જણાવ્યા મુજબ રાજયમાં ખાદ્ય ખોરાકમાં થતી ભેળસેળ રોકવા માટે આ તંત્રના ફુડ સેફટી ઓફીસર દ્વારા સમયાંતરે સઘન તપાસ કરવામાં આવે છે. આ તપાસના અંતર્ગત ફુડ સેફટી કમિશનરને તા. ૨૯ નવેમ્બરના રોજ ઓફીસ સમય દરમિયાન મળેલી ટેલીફોનિક માહિતીના આધારે આ તંત્રના ફુડ સેફટી ઓફીસરો અસલાલી ખાતે આવેલ મે. સચીન કોલ્ડ સ્ટોરેજ પ્રા.લી. અસલાલી ખાતે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન બેકરી શોર્ટનીંગ ૨૩૨૫ કિલોનો જથ્થો તેમજ માખણનો ૨૬૯૮ કિલોનો જથ્થાનો વેચાણ અર્થે સંગ્રહ કર્યો હોવાનું માલુમ પડયું હતું. આ બંને ખાદ્યચીજોની ગુણવત્તાની શંકા જતાં તમામ જથ્થો જપ્ત કર્યો હતો. જેની અંદાજીત કિંમત રૂ. ૭,૬૫,૫૭૩ થાય છે. આ બંને ખાદ્યચીજોના નમૂના લઈ પૃથ્થકરણ માટે પ્રયોગશાળામાં ચકાસણી અર્થે મોકલી આપવામાં આવ્યા છે. નમૂનાનું પરિણામ આવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

શતં શરદઃ જીવઃ

રમણલાલ મંગળદાસ વાળંદ
જન્મતારીખ : ૧/૧૨/૧૯૩૦
ફોન નં. ૨૩૨ ૩૬૯૭૧
૮૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે જન્મદિનની શુભેચ્છા
શુભેચ્છક
રાજેન્દ્ર આર. પારેખ
આરતી, નિમિષા-ગૌરાંગ
કિમ્પલ - રાજકુમાર
હેતલ-કૌશિકકુમાર, કિંજલ
જયશ્રીબેન-મુકુન્દકુમાર,
યામીની, કથન, જક્ષ તથા
છનાલાલ એમ. વાળંદ
લિંબડીયા પરિવાર

ૐ પ્લે-હાઉસ
નવા સત્રથી એડમીશન શરૂ કરેલ છે.
પ્લેગ્રૂપ / બેબી સીટર
૧, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર ● મો. ૬૯૨૪૨ ૧૧૦૭૪

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩૬, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com